1.

પરિપત્ર

ક્રમાંક:મઉમશબ/શાનિ/ 23042/93
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦/બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા. 28/12/15

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય :- વિદ્યાર્થીઓને શાળા દ્વારા આપવામાં આવતા એલ. સી. (શાળા છોડ્યાના પ્રમાણપત્ર) ગુજરાતી અને અંગ્રેજીમાં આપવા બાબત.

સંદર્ભ :- ૧) શિક્ષણ વિભાગના તા.૦૪/૦૫/૨૦૧૧ ના ઠરાવ ક્રમાંક: મશબ-૧૨૧૧-૩૪૭-છ અન્વયે.
૨) બોર્ડની તા.૧૦/૧૨/૨૦૧૫ ની કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૨૩૩/૨૦૧૫ અન્વયે.
૩) બોર્ડની તા.૨૩/૧૨/૨૦૧૫ ના સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક: ૧૪/૨૦૧૫ અન્વયે.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યાર્થીઓને ઘણી શાળામાં આપવામાં આવતા લીવીંગ સર્ટી ગુજરાતીમાં આપવામાં આવે છે. પ્રવર્તમાન સમયમાં ગુજરાતના વિદ્યાર્થીઓ રાજ્ય તથા દેશ બહાર ઉચ્ચ અભ્યાસ અર્થે જવા લાગ્યા છે. આવા વિદ્યાર્થીઓને લીવીંગ સર્ટી અંગ્રેજીમાં કરવા માટે નોટરી પાસે જવું પડે છે. જેમાં વિદ્યાર્થીઓના સમય, શક્તિ અને નાણાંનો વ્યય થાય છે તેમજ અંગ્રેજી લીવીંગ સર્ટી કરવા માટે જાણકારી વિદ્યાર્થી પાસે હોતી નથી. આ બાબતે અગાઉ પણ સંદર્ભ-૧ ના બોર્ડના પરિપત્ર પત્ર ક્રમાંક:મઉમશબ/ગ/ટે-૧/૧૩૭૬/૯૯ ના પત્રથી તા.૧૭/૦૫/૨૦૧૧ થી સુચના આપેલ છે. વધુમાં બોર્ડની તા.૧૦/૧૨/૨૦૧૫ ના રોજ મળેલ કારોબારી સમિતિના ઠરાવ ક્રમાંક: ૨૩૩/૨૦૧૫ થી પ્રસ્તાવ નં-૪ મંજુર કરેલ છે. તેમજ તા.૨૩/૧૨/૨૦૧૫ ના રોજ મળેલ સામાન્ય સભાના ઠરાવ ક્રમાંક: ૧૪/૨૦૧૫ ના પ્રસ્તાવ નં.૨ થી કારોબારી સમિતિના ઠરાવને સમર્થન મળેલ છે. આમ શાળાઓ દ્વારા વિદ્યાર્થીઓને ધો-૧૦ અને ધો-૧૨માં આપવામાં આવતા એલ.સી. (શાળા છોડ્યાના પ્રમાણપત્ર) આ સાથેના નમુના મુજબ ગુજરાતી અને અંગ્રેજીમાં આપવાનું ઠરાવેલ છે. તો આપના તાબા હેઠળની નોંધાયેલ માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- ઉપર મુજબ.

...શિક્ષણાધિકારી કચેરી. શાખા
...સારી જિલ્લો,નવસારી
આવક નંબર......145
તારીખ......14/01/16
હેડ ક્લાર્ક
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
...જિ.નવસારી.

(આર. આઈ. પટેલ)
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાના :-
બોર્ડ સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

D:\RAHUL\JANUARY-2012.doc

નોંધાયેલ માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિભાવવામાં આવતા વિધાથીઓના જનરલ રજીસ્ટર અને શાળા છોડયાના પ્રમાણપત્રમાં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક મશબ-૧૨૧૧-૩૪૭-છ
સચિવાલયઘ ગાંધીનગર
તારીખ ૪ મે ૨૦૧૧

વંચાણે લીધોઃ-

(૧) ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ મઉમશબ-ગ-૨૭૬ તા. ૨-૨-૨૦૧૧.

ઠરાવઃ-

આમુખમાં ક્રમાંક ૧ માં દશાવેલ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના તા.૨-૨-૨૦૧૧ ના પત્ર અન્વયે શાળાઓમાં નિભાવવામાં આવતા જનરલ રજીસ્ટર (G.R) અને શાળા છોડયાનું પ્રમાણપત્ર (L.C) ગુજરાતી અને અંગ્રેજી એમ બન્ને ભાષામાં આપવા અંગે મંજુરી આપવા અંગે સુધારો કરવાની બાબત વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક શિક્ષણ વિનિયમ-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક ૩૮ (૧) (ક) (૧) નાં ઉલ્લેખ સામાન્ય રજીસ્ટર (G.R) તેમજ વિનિયમ-૧૩ માં ઉલ્લેખિત શાળા છોડયાના પ્રમાણપત્ર (L.C) નો નમુના-૯ આ સાથે સામેલ નમુના મુજબ સુધારો કરવાની આથી સરકારશ્રીની મંજુરી આપવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે

સહી/-
( બી.આર. ઠક્કર )
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ,
ગાંધીનગર

ક્રમાંક:મઉમશબ/ગ/૨-૯/૧૩૩૬/૯૯
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેકટર-૧૦ બી, જુના સચિવાલય પાસે,
ગાંધીનગર , તા.૧૭-૫-૨૦૧૧.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી (તમામ) તરફ આપના તાબા હેઠળની નોંધાયેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા તથા અમલ કરવા સારૂ.

(ડૉ. કે.આર.ઝાંઝરૂકીયા)
સચિવ,
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

નકલ રવાનાઃ-
માન. બોર્ડ સભ્યશ્રીઓ તરફ જાણ સારૂ.

E:\CHAUDHARI\વિનિયમ સુધારો.doc

# SCHOOL LEAVING CERTIFICATE

## શાળા છોડયાનું પ્રમાણપત્ર

(જુઓ વિનિયમ-૧૩ નમુનો-૯) No. ____________

Name and address of the school :

S.S.C. Index No. : ____________ G.R.No./ જી.આર.નં. : ____________
(એસ.એસ.સી. ઇન્ડેક્ષ નં.) :

H.S.C. Index No. : ____________ Medium/ માધ્યમ : ____________
(એચ.એસ.સી. ઇન્ડેક્ષ નં.)

[1] Full Name of the Student (Surname first) : ____________
વિદ્યાર્થીનું પુરૂ નામ (અટક પ્રથમ) : ____________

[2] Religion and Caste : ____________
ધર્મ અને જાતિ : ____________

[3] Mother's Name : ____________
માતાનું નામ : ____________

[4] Place of Birth (With Taluka/ District) : ____________
જન્મ સ્થળ (તાલુકા, જિલ્લા સહિત) : ____________

[5] Date of Birth (in figures and words as per Christian Calendar) : ____________
ખ્રિસ્તીવર્ષ અનુસાર જન્મ તારીખ (આંકડામાં અને શબ્દમાં) : ____________

[6] Last School Attended : ____________
જ્યાં ભણ્યા હોય તે છેલ્લી શાળા : ____________

[7] Date of Admission (with class)
પ્રવેશ તારીખ (ધોરણ સહિત) :--------------------

[8] Date of leaving school
શાળા છોડયા તારીખ :----------------

[9] In which Standard he /she Studying & Since when? : ____________
ક્યા ધોરણમાં અભ્યાસ કરે છે? ક્યાર થી ? : ____________

[10] Reason for Leaving School : ____________
શાળા છોડવાનું કારણ : ____________

[11] Progress /પ્રગતિ : ____________

[12] Conduct /વર્તણુંક : ____________

[13] Remark /વિશેષનોંધ : ____________

Date :
તારીખ:

I Certify that the above information is verified by me with school register and found to be correct.
આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ઉપરની માહિતીની ચકાસણી શાળાના જનરલ રજીસ્ટર સાથે કરવામાં આવેલ છે અને સાચી માલુમ પડેલ છે.

| Clerk | Class Teacher | Principal |
|---|---|---|
| કલાર્ક | વર્ગશિક્ષક | આચાર્ય |

**Statutory warning:** No one can issue this certificate or make any Changes in any entry except the headmaster of the school or the authorized person appointed for such work in the absence or unavailability of the principal

: શાળાના આચાર્ય અથવા તેમની ગેરહાજરીમાં સહી કરવા માટે અધિકૃત કરેલ વ્યક્તિ સિવાય અન્ય કોઇ વ્યક્તિ આ પ્રમાણપત્ર આપી શકશે નહીં કે તેની કોઇ નોંધમાં ફેરફાર કરી શકશે નહીં.